# Official Spokesperson’s response to media queries on the Press Release by General Secretariat of OIC with respect to the Union Territory of Jammu and Kashmir

August 05, 2021

---

# ઓઆઈસીના જનરલ સેક્રેટરિયેટ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર અંગે અપાયેલી પ્રેસ રિલિઝ વિશે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓગસ્ટ 05, 2021

**ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (ઓઆઈસી)ના જનરલ સેક્રેટરિયેટ દ્વારા ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે સંદર્ભે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરવિંદ બાગચીએ જણાવ્યું:**

"ઓઆઈસીના જનરલ સેક્રેટરિયેટ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર અંગે વધુ એક વખત અસ્વીકાર્ય ટિપ્પણી કરવામાં આવી તેને અમે સ્પષ્ટ રીતે નકારી કાઢીએ છીએ. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની બાબતમાં ઓઆઈસીને ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. અમે ફરીથી જણાવીએ છીએ કે ઓઆઈસીના જનરલ સેક્રેટરિયેટે ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરવા માટે સ્થાપિત હિતોને તેના મંચનો ઉપયોગ કરવા દેવું ન જોઈએ.”

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 05, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release